# **પ્રકરણ ૨**

# **ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા**

# પ્રકરણ : ૨ :લોકપ્રિય નવલકથાની વિકાસરેખા

સાહિત્ય હોય કે અન્ય કોઈ પણ કલા હોય તેનો મુખ્ય ઉદ્દેશ તો લોકોના મન સુધી પહોંચવાનો હોય છે. મનુષ્ય જગતમાં જેમ જેમ બુદ્ધિમત્તાનું પ્રમાણ વધ્યું, સાક્ષરતાનું પ્રમાણ વધ્યું, ટેકનોલોજીનો વિકાસ થયો તેમ તેમ મનુષ્ય એક વ્યસ્ત જીવનશૈલીમાં પરોવાતો ગયો. પરંતુ મનુષ્યના જીવનની પદ્ધતિઓ ગમે તેટલી બદલાય તેના મનના અંદરની મૂળભૂત લાગણીઓ બદલાતી નથી. જોકે લાગણીઓ અને ભાવમાં પરિવર્તન શક્ય છે. પરંતુ એ દેખા જરૂર દે છે. તેથી, આખરે તો માનવી તેના માનવ ચિત્તનું મનોરંજન થાય તે માટે કલા પાસે જ જાય છે. અને આ કલામાં સાહિત્યનો અને સાહિત્યમાં પણ નવલકથા સ્વરૂપનો મોટો ફાળો રહ્યો છે. સાહિત્યકલાના સ્વરૂપો, વિભાવનાઓ, તેમાં પ્રવર્તિત અનેક વાદો કલાવ્યાપારમાં નિમિત્ત બને છે. જે-તે સ્થળ-કાળ પ્રમાણે જે-તે પ્રવાહ-સ્વરૂપનું અસ્તિત્વ રચાય છે, બંધાય છે. અને તેની યોગ્યતા - અયોગ્યતા સિદ્ધ કરવામાં આવે છે. કેટલીક રચનાઓ કાળની લહેરમાં લુપ્ત થઈ જાય છે, તો કેટલીક કાળને પણ માત આપીને માનવચિત્તમાં કાયમ માટે પોતાનું સ્થાન નિર્ધારિત કરી દે છે.

લોકપ્રિય નવલકથાની વાત આવે કે તરત મસાલેદાર, રહસ્યમય કે રોમાંચ કરાવતી કથાઓની ધારણા થવા લાગે છે. પરંતુ નવલકથાનો યુગ શરૂ થયો ત્યારે લોકોના મન સુધી પહોંચવાનો જ મુખ્ય ઉદ્દેશ હતો, જે સુધારકયુગની ગુજરાતી સાહિત્ય ક્ષેત્રની પહેલી નવલકથા નંદશંકરકૃત ‘કરણઘેલો’ (ઈ. ૧૮૬૬)માં પણ જોઈ શકીએ છીએ. આ કથામાં ભૂતપ્રેતના વહેમ, ધર્મ, સામાજિક રીત-રિવાજો અને પાપ-પુણ્યના પરિબળો સમાવિષ્ટ છે. લેખકને “સરકાર તરફથી કહેવામાં આવ્યું કે ભૂતપ્રેત વગેરેના જે ફકરા કરણઘેલોમાં છે તે દૂર કરવા જોઈએ, ત્યારે શાળાપયોગી પુસ્તક તરીકે સરકાર એને છપાવે. પોતે સાફ ના પાડી કે ‘હું કાંઈ કાપકૂપ કરવાનું દુરસ્ત ધારતો નથી.”[૧] આમ, લેખકના નકારમાં જોઈ શકાય છે કે તેમને પોતાની કૃતિની લોકપ્રિયતાની ચિંતા વધુ છે. ‘કરણઘેલો’માંથી જો ભૂત-પ્રેતને લગતા ફકરા કાઢી નાખવામાં આવે તો કૃતિની મનોરંજકતામાં ઘટાડો થાય અને રોમાન્સ કાઢી નાખવામાં આવે તો તે માત્ર ઐતિહાસિક નવલકથા જ બની રહે. નવલકથાનું પહેલું પગથિયું હોવાથી આ કથામાં ભલે કથનરીતિ ન સચવાઈ હોય કે પુનરાવર્તન વિસ્તર્યું હોય. પણ કથામાં બાબરોભૂત, ભાટની હત્યા-આત્મહત્યા, કૌળાના પરાક્રમો, સતીનો શાપ, માધવની અગ્નિપરીક્ષા વગેરે

જેવી ઘટનાઓ કથાને ધ્યાનાકર્ષક બનાવે છે, રસપ્રદ બનાવે છે. આ ઉપરાંત, કેશવનું મૃત્યુ, કરણના માણસોનો હુમલો જેવી ઘટનાઓ છે. તો ક્યારેક સ્થિર ભાવમાં ઢળી પડે છે. ગોકુળ-મથુરામાં કંજૂસ ડોશી અને તેના ભત્રીજાની છેતરપિંડી ષડયંત્રના તત્ત્વને વધાવે છે. માધવ જ્યારે ચોરીનું આળ પોતાને માથેથી ઉતારવા ધગધગતી વાટ ઊચકીને ગળે ભરાવે છે, ત્યારે આ ઘટના પાછળ ઈશ્વરીય શક્તિ તેમજ ઈશ્વરના આશીર્વાદ કારણરૂપ બન્યા છે. આમ, અહીં પાપ-પુણ્યના લેખા અને ઈશ્વરીય-શ્રદ્ધાને પણ સ્થાન મળ્યું છે. તેમજ દિલ્હીનો ઇતિહાસ, જલાલુદ્દીનને મારી નાખવા જેવી ઘટના દ્વારા ઐતિહાસિક આલેખન તેમજ હિંદુ-મુસ્લિમ કોમી રમખાણ જેવા સળગતા મુદ્દાનો પણ સમાવેશ થયો છે. આ રીતે અત્યારના સમયમાં લોકપ્રિય નવલકથાને અલગ તારવવા જે વર્ગીકૃત તત્ત્વો જણાય છે. તે સુધારકયુગમાં ગુજરાતી નવલકથાના પાયામાં જ જોવા મળ્યા છે. મહિપતરામ નીલકંઠે 'વનરાજ ચાવડો' (ઈ. ૧૮૮૧) અને 'સધરા જેસંગ' (ઈ. ૧૮૮૦) જેવી રંજનકથાઓ લખી અને 'સાસુ વહુની લડાઈ' જેવી સામાજિક અને વાસ્તવિકતાનો ભેદ ઉકેલથી કથાનું પણ સર્જન કર્યું.

સુધારકયુગની જ ઈચ્છારામ દેસાઈકૃત 'હિન્દ અને બ્રિટાનિયા' (ઈ. ૧૮૮૦) નવલકથા પણ ઘણી ચર્ચિત, વિવાદિત અને લોકપ્રિય બની છે.  આ કથાનું વિષયવસ્તુ, સંકલના કે કથાનો ઉદ્દેશ્ય દેશને વફાદાર લોકો-દેશપ્રેમીઓના મનને સ્પર્શે તેવી છે. તેમના મનને પ્રફુલ્લિત કરી ગૌરવનો અનુભવ કરાવે તેવી આ કથા ચારેક વર્ષમાં તો ત્રીજી આવૃત્તિ પર પહોંચી હતી. આ કથામાં બ્રિટિશ શાસન વિરુદ્ધમાં હિન્દ અને સ્વતંત્રતાના ઉગ્ર વિધાનો છે. હિન્દ, બ્રિટાનિયા અને સ્વતંત્રતાને જીવંત પાત્રો બનાવવામાં આવ્યા છે. સ્વદેશહિત નામના પાત્રની સાક્ષીમાં હિન્દદેવી અને બ્રિટાનિયા દેવી વચ્ચેના ચર્ચિત આરોપો-આક્ષેપો અને બચાવ માટેની દલીલો રોચક રહી છે. આ સંવાદમાં ૧૮૫૭નો બળવો, બળવામાં મળેલી હારના કારણો, તેની પાછળની રાજનીતિ, ખાસ કરીને અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ, દેશની ખામીઓ અને ગેર વ્યવસ્થા આ બધા ભૂતકાળના પણ સળગતા મુદ્દા સમાવિષ્ટ છે. યુવાન લોહીને ગરમ કરે તેવા પ્રશ્નો પણ પ્રસ્થાપિત થયા છે. આમ, રોચક તેમજ વાસ્તવિકતા તથા દેશ સાથે સંકળાયેલા મુદ્દા અને ખાસ તો ઉલ્લેખ કરવાની અલગ રીત કથાને રસપ્રદ તથા લોકપ્રિય બનાવે છે. ઇચ્છારામ દેસાઈએ 'ગંગા એક ગુર્જર વાર્તા' જેવી સામાજિક નવલકથા પણ આપી છે.

સાક્ષરયુગમાં પ્રવેશ કરતા કલાધોરણોમાં પરિવર્તન અને સુધાર નજરે પડે છે. ભારતમાં અંગ્રેજી શાસનને કારણે પશ્ચિમની વિચારસરણીઓ અને જીવનશૈલી પ્રવર્તી હતી. જેથી ભારતની પરંપરાગત સંસ્કૃતિ અને માન્યતાઓ સાથે તેનો સંઘર્ષ થતો રહેતો. એકસૂત્રતા ખોરવાઈ ગઈ હતી. અંગ્રેજોએ રાજનીતિના એક ભાગરૂપે મેકોલોની શિક્ષણપદ્ધતિનું ઉમેરણ કર્યું અને શિક્ષણક્ષેત્રે નવા સાક્ષરોનો ઉદય થયો. અંગ્રેજી સિવાય સંસ્કૃતના પણ જાણકાર હોય, સાહિત્ય અને માતૃભાષામાં પણ પારંગત હોય એવા વિદ્વાનોની સંખ્યામાં વધારો થયો. જેથી મધ્યકાળમાં ગુજરાતી સાહિત્ય-સ્વરૂપ જે પદ્ય પૂરતું સીમિત હતું. સુધારકયુગમાં એ ગદ્યમાં થોડું ડોકાયું અને સાક્ષરયુગમાં તો નિબંધ, આત્મકથા, ચરિત્ર, પ્રવાસ અને ખાસ નવલકથા જેવા સ્વરૂપમાં રચાવા લાગ્યું.

ધીમે ધીમે પશ્ચિમી સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિ આધારિત કૃતિને સારા-નરસા ભાગમાં વર્ગીકૃત કરવાની શરૂઆત થઈ. પરંતુ કથામાં વાસ્તવિકતા અને કાલ્પનિક સંઘર્ષ શરૂ રહ્યો. સમાજસુધારા દ્વારા સામાજિક વિકાસની સાથે સાથે કલામાં પણ એક વિકાસયાત્રા શરૂ થઈ. અને વાસ્તવિક જીવનને નિરૂપતી ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત પહેલી શિષ્ટ ગુજરાતી નવલકથા 'સરસ્વતીચંદ્ર' (ઈ. ૧૮૮૭)નું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આગમન થયું. આ કથામાં પ્રેમ, વિરહ, વેદના, ત્યાગ, બલિદાનની ભાવના, પાત્ર, ચરિત્ર-ચિત્રણ, સામાજિકતા જેવા પરિબળો જોવા મળે છે. સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ તેને અલગ ઓળખ આપે છે. અને વાચક સામે આ મુખ્ય પાત્ર, મુખ્ય નાયક ઉજાગર રહે છે. સરસ્વતીચંદ્ર અને કુમુદ પહેલા છૂટા પડે છે. વિરહ વેઠતી કુમુદ પોતાની લાગણી પર પથ્થર મૂકી અને સામાજિક નિયમો, રીતરિવાજોને અપનાવી પ્રમાદધન સાથે લગ્ન સંબંધથી જોડાઈ હતી, જેથી કુમુદ વાચકની સહાનુભૂતિ પ્રાપ્ત કરે છે. સરસ્વતીચંદ્રને નવીનચંદ્રનું રૂપ આપી કુમુદના જ સાસરામાં આશ્રય આપી લેખક વાચકની આશા બળવંત કરે છે. આમ વાચકની લાગણી નાયકની લાગણી સાથે જોડાય તેવા પ્રસંગો ઊભા થાય છે. નાયક કુમુદને ઊંચકે છે, એ દરમિયાન પણ તેની લાગણીને વધુ ઉત્કટ બનાવીને દર્શિત કરવાનું લેખક પસંદ કરે છે. જેથી ભાવકને એ જકડી રાખવામાં સફળ બને છે. પ્રમાદધનની આત્મહત્યા વાચક માટે હાશકારો બને છે. પરંતુ ગોવર્ધનરામ સામાજિક વાસ્તવિકતાને વળગી રહે છે. અને કલ્યાણગ્રામ યોજનાને પ્રાધાન્ય આપી નાયક-નાયિકાનું મિલન ઈચ્છતા વાચકોને નિરાશ કરે છે. મેઘાણીકૃત 'વેવિશાળ'માં પણ નાયક-નાયિકાની તૂટી ગયેલ સગાઈ વાચકોના પત્રોને કારણે જોડાય છે. પરંતુ અહીં ('સરસ્વતીચંદ્ર'માં) લેખકના મનની મક્કમતા અને સમાજના નિયમોની વાસ્તવિકતા, સુખને (કાલ્પનિક આનંદને) દર્શાવવાની પરવાનગી આપતી નથી. તો

તેની સામે કેટલીક મર્યાદા બાંધીને શિષ્ટ હોવા છતાં અત્યંત લોકપ્રિય બને છે, જેને વાચકો વધાવી લે છે.

નારાયણ વસનજી ઠક્કરના લેખનમાં ઐતિહાસિક નવલકથામાં પરાક્રમ, રોમાન્સ, રોમાંચકારી ઘટનાઓનું આલેખન જોવા મળે છે. તેમની કથાઓ 'પ્રજાબંધુ', 'ગુજરાતી પંચ' વગેરે અઠવાડિકોમાં ધારાવાહિક રૂપે અત્યંત લોકપ્રિયતા પામી છે. પરિષદના ઇતિહાસમાં એના માટે તો નોંધ પણ લખાઈ છે, : "વાંચકોની હલકી વૃત્તિ જાગૃત કરી લોકપ્રિય થવું એવું વળગણ આજ સુધી ગુજરાતી નવલકથાને રહ્યા કર્યું છે. તેનો અપયશ થોડેઘણે અંશે નારાયણ વસનજીને ફાળે જાય છે."[૨] ત્યારબાદ આ સમયગાળાની ઈ. ૧૯૦૦માં પ્રકાશિત અત્યંત વખણાયેલી તેમજ ઘણા વિવાદોમાંથી પસાર થયેલી છતાંય લોકપ્રિયતાને પામી શકનારી હાસ્ય નવલકથા 'ભદ્રંભદ્ર' મળે છે. રમણભાઈ નીલકંઠ દ્વારા રચિત આ નવલકથા સામે પણ સંસ્કારના ઢાંચામાં બંધબેસતો એક આખો વર્ગ ઉભો હતો. છતાંય એક હાસ્યરચના તરીકે આ કૃતિએ પોતાનું અલગ સ્થાન મેળવ્યું અને અત્યંત લોકપ્રિય રચના બની.

ગાંધીયુગમાં નવલકથાના જગતમાં કનૈયાલાલ મુનશી 'ઘનશ્યામ' ઉપનાનથી 'વેરની વસૂલાત' (ઈ. ૧૯૧૩)થી મુંબઈ ગુજરાતી સપ્તાહિક પત્રમાં ધૂમ મચાવે છે. આ કથામાં નાયક જગતકિશોર અને નાયિકા તનમનની પ્રણયકથા રસપ્રદ રહી છે. ઉપરાંત રાજકીય ધોરણો, જાસૂસી ઘટનાઓ તેમજ ભેદભરમ જેવા તત્ત્વો આલેખાયા છે. 'સરસ્વતીચંદ્ર' નવલકથાને અનુસરતી કથાઓની હારમાળા હતી. ગોવર્ધનરામ ત્રિપાઠીની છાપ લોકોના મગજમાંથી અને અન્ય લેખકોના મગજમાંથી પણ ભૂસવી સહેલી ન હતી. 'વેરની વસુલાત'માં પણ પ્રણય, વિરહ, રાજદરબારી પાઠોમાં ક્યાંકને ક્યાંક 'સરસ્વતીચંદ્ર'ની અસર જણાય છે. ગુણવંતી જેવા પાત્રોના નામમાં પણ ગુણસુંદરીનો પડછાયો દેખાય છે. પરંતુ તેમા ફક્ત અનુકરણનું વળગણ જ હોય તેવું નથી. ઘણી બાબતોમાં અલગ તરી આવે છે અને કળાકીય રીતે વધુ સુદૃઢ થવાના પ્રયત્નો તેમજ રસપ્રદ જીવંત પાત્રો અનેક સહૃદયી વાચકોના મન હરી લે છે. ત્યારપછી મુનશીજી 'કોનો વાંક ?' (ઈ. ૧૯૧૫)માં એ સમયનો ઝળહળતો મુદ્દો લઈને આવે છે. એક બાળવિધવા પાત્ર પ્રેમમાં પડે તો એ વખતના સમાજમાં તો આશ્ચર્ય અને આઘાત સાથે તેના પર આક્રમક નિર્ણયો લેવામાં આવતા. બાળવિધવા મણિ મુચકુંદ નામક પાત્રના પ્રેમમાં પડે છે. આવું મજબૂત અને જીવંત પાત્ર મુશ્કેલીઓ સામે સંઘર્ષ, માનસિક સંઘર્ષ અને અંતે વિવાદિત અંત એટલે કે મણિ અને મુચકુંદના લગ્ન લેખક દૃઢ નિશ્ચય સાથે કરાવે છે. જેથી આ કથાના અંતને

ગમાડતા લોકો તો કથામાં રસ ધરાવે જ છે. પરંતુ સળગતો મુદ્દો હોવાને કારણે વિરોધી ભાવકો પણ કથા સાથે જોડાય છે અને કથા ચર્ચિત તથા લોકપ્રિય બને છે. આમ, સમાજને પારખી ચૂકેલા મુનશી ત્યારપછી 'સ્વપ્નદ્રષ્ટા' (ઈ. ૧૯૨૪)માં વાસ્તવને સમજ્યા વગર ફક્ત ભાવુક બની ભવ્ય સ્વપ્નો જોતા લોકો પર કટાક્ષ કરે છે. સુદર્શન નામના ભાવુક યુવાનની આ કથામાં રાજકીય ચળવળોનો પ્રભાવ પણ નિર્દેશાય છે. જોકે કથા ધારાવાહિક હોવાથી પાત્રોના નામમાં થોડો ફેરબદલ હોય એવી મર્યાદા સ્થાપિત થઈ છે. પરંતુ એકંદરે આ કથા લોકોને સ્પર્શી જાય તેવી નિવડી છે.

'સ્નેહસંભ્રમ'માં મુનશી પ્રીતમની આસપાસ સ્ત્રીઓનું વર્તુળ રચીને વાચકની લોલુપતા વધારે છે. નાયક પ્રો. પ્રીતમના જીવનમાં તેની બીમાર પત્ની અને વિધવા જસકોર, વિદ્યાર્થી મોહીની તથા વસુમતી આ ત્રણેયની પ્રીતમ માટેની ખેંચતાણ વાચકને સતત લોભાવે છે. ગલગલિયા કરાવે છે. આમ, મનોરંજન કરાવતી આલેખનશૈલી વાચકને જકડી રાખવામાં સફળ બને છે. કળાકૃતિ તરીકે જોઈએ તો કજોડાથી ઊભી થતી પરિસ્થિતિનું વાસ્તવ જગત અને સ્ત્રી-પુરુષની વાસ્તવિકતા એટલે કે મોહ-વાસના વૃત્તિ પર કટાક્ષ કરવાની ફાવટ તેમની સહજતા પુરવાર કરે છે, અને વાચકનું ધ્યાન ખેંચી રાખે છે. 'તપસ્વીની' નવલકથામાં મુનશી રાજકીય અને સામાજિક બંને પાસા દર્શાવે છે. આઝાદીની ચળવળનો સમયગાળો આ કથામાં નિર્દેશિત છે. રવિશંકર અને રાજનું પ્રેમ પ્રકરણ પણ કથાને થોડું રસપ્રદ બનાવે છે. કથામાં સુખાન્ત રચાય છે. પરંતુ એકધારો પ્રવાહ અહીં જોવા મળતો નથી. કથાનું સાતત્ય તૂટક અવસ્થામાં નજરે પડે છે. છતાંય, લોકપ્રિયતાના ધોરણે તો કૃતિ સફળ રહે છે. આ પછી સામાન્ય રાજકીય ખટપટ, જાસૂસી આલેખન, રહસ્યાના તાણાવાણા, પ્રણય દર્શન કરાવતી કથાઓ બાદ કનૈયાલાલ મુનશી ઐતિહાસિક કથાનકવાળી નવલકથાઓની એક આખી હરોળ બાંધે છે, ત્યારે સાહિત્યકળા ક્ષેત્રે તેમની પ્રગતિ ભરપૂર જોવા મળે છે. 'પાટણની પ્રભુતા' (૧૯૧૬), 'ગુજરાતનો નાથ' (૧૯૧૮), 'રાજાધિરાજ' (૧૯૨૨), 'પૃથ્વીવલ્લભ' (૧૯૨૦), 'ભગવાન કૌટિલ્ય' (૧૯૨૪), 'જય સોમનાથ' (૧૯૪૦), 'ભગ્નપાદુકા' (૧૯૫૫) આદિ ઐતિહાસિક નવલકથાઓની આખીય શ્રેણી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ધૂમ મચાવે છે. લોકો પણ ઘણા આદર સાથે તેમની આ કથાઓને વધાવે છે.

કનૈયાલાલ મુનશીની પહેલી ઐતિહાસિક લોકપ્રિય નવલકથા 'પાટણની પ્રભુતા'માં કલાયુક્ત સંયોજન વધુ નીખરી આવે છે. અહીં સોલંકી યુગ એટલે કે કર્ણદેવ સોલંકીના પુત્ર સિદ્ધરાજના સમયના બનાવો વણી લેવામાં આવ્યા છે. ગુજરાતમાં ચાલતા તે સમયની રાજકીય-ધાર્મિક ખટપટો

અને તેના કારણે ઉદ્‌ભવતા સંઘર્ષ, મીનળ અને મુંજાલની પ્રણયકથા, ત્રિભુવનપાળ અને પ્રસન્નનો મસ્તીભર્યો પ્રેમ, હંસા-દેવપ્રસાદની રસપ્રદ પ્રણયકથા તેમજ દેવપ્રસાદ અને તેની પત્ની હંસાનું દાંપત્યજીવન વગેરે જેવા થોડા સામાજિક મુદ્દાનું પણ ચિત્રણ થયું છે. આ કથાની ઐતિહાસિક વસ્તુમાં લેખકની કલ્પનાનું ઉમેરણ છે. મુંજાલ અને મીનળનો ચર્ચાસ્પદ પ્રેમ મુદ્દો રોચકતામાં વધારો કરે છે. ઉપરાંત સત્તા પ્રાપ્તિ માટેના છળ-કપટ, દેવપ્રસાદનું ખૂન જેવા તત્ત્વો પણ નોંધનીય છે. 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં થોડો ઘણો ઇતિહાસ અને કલ્પનાનું નિરૂપણ છે. કાક અને મંજરીનો પ્રણય આકર્ષણ જન્માવે છે. તથા સજ્જન મંત્રીની વાડીનું વર્ણન, ભીમનાથના ઓવારા પાસેથી દેખાતા કોટનું વર્ણન, ભોયરાનું વર્ણન વગેરે જેવી જગ્યાઓનું વર્ણન હોય કે પછી મંજરીના સ્વામીઓનું વર્ણન, રાજસભાનું વર્ણન હોય કે જૈન ધર્મની સ્થિતિનું વર્ણન હોય લેખક તેને વિસ્તૃત રીતે દર્શાવી લોકો સુધી પહોંચ્યા છે.

'રાજાધિરાજ'માં લેખકનું ઐતિહાસિક સંદર્ભે લક્ષ્ય થોડું ભટકતું જણાય છે. અને લોકપ્રિયતા મેળવવા માટેના પ્રયત્નો જણાય છે. તેમણે યુગ, સ્થળ કે સમયને ઓળખ આપવાની વધુ મહેનત કરી નથી. ભીલને ભૂત બનાવીને ફેલાવેલી અફવા, કાળભૈરવની વાર્તામાં કૃતિને આકર્ષિત બનાવવા માટેની મથામણ નજરે પડે છે. સતી થતી રાણક, મંજરીની હૃદયવ્યથા, લાગણી અને સહાનુભૂતિના ભાવ પામીને વાચકનું ધ્યાન ખેંચે છે. પરંતુ આ કથા દ્વારા જણાઈ આવે છે કે એક જ પ્રકારની રીત લઈને ચાલવાથી 'પાટણની પ્રભુતા' કે 'ગુજરાતનો નાથ' જેવું આકર્ષણ આ કૃતિ જન્માવી શકતી નથી. 'પૃથ્વીવલ્લભ' તો અત્યંત લોકપ્રિય કથા રહી ચૂકી છે. જેના પરથી ફિલ્મો પણ બની છે. કથામાં રહેલ છળ-કપટ, ષડયંત્રો, ચુંબનના દૃશ્યો, શૃંગારવર્ણન, ભાષા કૃતિને સતત જીવંત રાખે છે. મુંજનું પાત્રાલેખન, તેનો સંઘર્ષ, સફળતા, નિષ્ફળતા અને અંતે નિર્ભયતા તથા નીડરતા સાથે હાથીના પગ તળે તેના મોતનું દૃશ્ય વાચકને કંપારી છોડાવે તેવું છે. આખીય કથામાંથી આ દૃશ્ય વાચક ઈચ્છે છતાંય ભૂંસી ન શકાય તેવું કરુણ અને મુંજના પાત્રને નીડર સાબિત કરે તેવું છે.

'ભગવાન કૌટિલ્ય'માં ચંદ્રગુપ્ત મૌર્યની સમયકથા તો 'જય સોમનાથ'માં બ્રાહ્મણ અને ક્ષત્રિયોની કથા તેમજ સોમનાથ મંદિરનું આલેખન અને શિવભક્તિ છે. 'ભગ્ન પાદુકા'માં પણ કરણઘેલો એટલે કર્ણદેવ વાઘેલાની કથા અર્થાત્ ગુજરાતના સુવર્ણકાળનો અંતિમ સમય લેખક ખૂબ આકર્ષિત રીતે દર્શાવે છે. અને તેમની ઈચ્છા પ્રમાણે મૂળ કથાનકમાં ફેરફાર કરે છે. 'ભગવાન

પરશુરામ' અને 'કૃષ્ણાવતાર' જેવી કૃતિ અને ઈશ્વર ગણાતા લોકપ્રિય પાત્રો દ્વારા પણ તે લોકોના હૃદય સુધી પહોંચ્યા અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પૌરાણિક કથાઓ આપી.

ગુજરાતી નવલકથાક્ષેત્રે શ્રી મુનશી પછી શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની લોકપ્રિયતા અને તેમના સર્જનની બોલબાલા જોવા મળે છે. 'ભારેલો અગ્નિ', 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી' જેવી નવલકથાના સર્જક ર. વ. દેસાઈની લોકપ્રિયતા ઈશ્વર પેટલીકરના સમય સુધી તો અવિરત જળવાઈ રહી હતી. મધ્યમવર્ગ પર એમના લખાણની અસર વર્તાતી હતી. એ સમયના યુવક-યુવતીઓના વિચારો, તેમની ઝંખના, તેમની ભાવનાઓ પારખવાની કળા ર. વ. દેસાઈમાં હતી. અને તેમના સર્જનની અસર પણ જે-તે પેઢી ઉપર થતી હતી. ગુજરાતના ઇતિહાસને દર્શિત કરી આલેખન કરવાની મુનશીની રીત પછી ર. વ. દેસાઈ સમકાલીન ગુજરાતને દર્શિત કરે છે. તેમાં પ્રભાવિત થતી રંગીનતા વાચકોને આકર્ષે છે. ગાંધીયુગનું જાણે મંડાણ કરતી તેમની કૃતિ 'દિવ્યચક્ષુ'માં હરીજન, જેલ બાબતોના પ્રશ્નો, ધાર્મિક મુદ્દાઓ, કાળા-ગોરાના ભેદભાવ તથા વેપારી અને કવિનો પણ ઉલ્લેખ જોવા મળે છે. અંગ્રેજી સત્તાનો પણ ઉલ્લેખ જોવા મળે છે અને અંગ્રેજી સત્તાનો વિરોધ પણ અહીં જોઈ શકાય છે. ધનસુખલાલનું ઘર, સુશીલાનું જીવન, પુષ્પા-રંજનની પ્રણયકથા, વ્યસન, દેવું વગેરેનું મિશ્રણ સાથે લઈને ચાલતી આ કથા કંટાળાજનક નથી લાગતી. તેમાં રહેલ કટાક્ષ, કેટલીક જગ્યાએ અનુભવવાથી હળવાશ કૃતિને રોચક બનાવે છે. અને સમકાલીન પ્રશ્નોને વણી લેતી તેમ જ ભાવનાઓને પણ ઝીલી લેતી આ કથા વાચકના હૃદયને સ્પર્શે છે. અરુણ-રંજન-પુષ્પાના પ્રણયત્રિકોણની કથા, જનાર્દન-સુશીલા-કિસનની કથા, કૃષ્ણકાંત-સુશીલાનુ દાંપત્યજીવન વગેરે કથાને રસપ્રદ બનાવવા માટેનો ભાગ બન્યા છે. જે અહિંસાના વિચારોને તથા ગાંધીયુગના સમકાલીન પ્રશ્નોને થોડો આરામ આપવાનું પણ કામ કરે છે. આમ 'યુગમૂર્તિ વાર્તાકાર'નું બિરુદ પ્રાપ્ત કરનાર ર. વ. દેસાઈની કૃતિમાં સુધારાની બાબતો, રહસ્યમય પાત્રો, પ્રણયત્રિકોણ જેવી રોચક પ્રયુક્તિઓ જોવા મળે છે. તેમજ અસ્પૃશ્યતા નિવારણ, અહિંસા અને અંગ્રેજોની કુટનીતિ પ્રત્યે અણગમો જેવા ગાંધીવિચારો પણ આલેખિત હોય છે. તેમની મોટાભાગની રચનાઓ ગાંધીવિચાર સાથે ચાલતા યુવાન-યુવતીઓના પ્રેમની કથાઓ જે વાચકને મનોરંજન સાથે સમકાલીન પ્રશ્નોથી અવગત કરાવે છે.

નવલકથાના વિશ્વમાં ઝવેરચંદ મેઘાણી પણ કૌટુંબિક-સામાજિક નવલકથાઓમાં ઉમેરણ કરે છે. 'સમરાંગણ', 'રા' ગંગાજળિયો', 'ગુજરાતનો જય' જેવી ઐતિહાસિક નવલકથા 'નિરંજન',

'વેવિશાળ', 'તુલસીક્યારો' જેવી સામાજિક નવલકથાઓ જોવા મળે છે. મેઘાણી 'ફૂલછાબ' સાથે જોડાયેલા હતા. તેમની લોકપ્રિયતાનું એક કારણ ધારાવાહિક રીત હતી. હપ્તાવાર છપાતી તેમની કથાને વાચકના પ્રતિભાવ અને પ્રતિસાદ મળતો અને આખરે કથામાં તેમનું આગવું સર્જનની નહિં પરંતુ સહિયારુ સર્જન બની જતું. પંદરમાં શતક વખતે ગુજરાતના નંદનવનને મેળવવા માટેના ષડયંત્રો, ગુજરાતમાં મુગલોનું રાજ ચાલ્યું એ સમયના પ્રસંગો 'સમરાંગણ'માં આલેખાયા છે. ઇતિહાસની આ ઘટના સાથે રાજુલનું પાત્ર, નાગડા જોગીઓની જમાતની વીરતાનો પ્રસંગ, નાગ-નરેશ સતા જામના કુમાર અજો જામના ટેકના પ્રસંગો વગેરે જેવી કલ્પનાસૃષ્ટિ ભળી જઈને કથા રોચક બને છે.

'રા' ગંગાજળીયો'માં ગંગાજળિયો કહેવાતા જુનાગઢના માંડલીક રાજા સોમનાથ ભક્તની કથા છે. તે પોતાની પવિત્રતાના બળે ચમત્કારિક ઘટના સ્થાપે છે. 'ગુજરાતનો જય'માં ભીમદેવ બીજો નાસી છૂટ્યાનો ઐતિહાસિક કાળ દર્શાવાયો છે. ગુજરાતના જયની વાત કરી પ્રજામાં એક નવો જોશ, નવી સ્ફૂર્તિ રોપવાનો ઉદ્દેશ્ય લેખકનો આ કથામાં જણાય છે. લુવણપ્રસાદ, વસ્તુપાળ-તેજપાળ, વીર ધવલ, કુંવરબાઈ, અનુપમ(સ્ત્રી) જેવા તેજસ્વી પાત્રો કથામાં ચિત્રિત થયા છે. 'નિરંજન'માં કોલેજ જીવન, સજાતીય સંબંધ, તેમજ હિન્દુ-મુસ્લિમ ધર્મ અંગેના જે તે સમયના તત્કાલીન પ્રશ્નો નિરૂપિત છે. 'તુલસીક્યારો'માં પરપુરુષ થકી રહી જતા ગર્ભને કારણે તરછોડાયેલી કંચનને તેની વિધવા જેઠાણી ભદ્રા અને જૂની વિચારસરણીવાળા પરંતુ ઉદાર સસરા તેની મદદથી આવે છે. સીધી-સરળ કથાને આટીઘુંટી સાથે પ્રસ્તુત કરવાની લેખકની આ રીત કથાને રસના પ્રવાહમાં જબોળીને ભાવક સમક્ષ પ્રસ્તુત થાય છે. 'વેવિશાળ'માં તો સુખદેવ અને સુશીલાના મનના તાંતણા જોડાઈ ચૂક્યા છે. ત્યાર પછી બંનેની સગાઈ તોડવાથી માંડીને જોડાવા સુધીની ઘટનાઓમાં ભાવક આત્મીય રીતે જોડાઈ જાય છે. 'સોરઠ તારા વહેતા પાણી'માં સોરઠી જીવનની સાથેસાથ ભાવનાત્મક મૂલ્યો, બે પેઢીઓ વચ્ચેની વિચારસરણીમાં ભિન્નતા અને તેના કારણે સમાજમાં થતા પરિવર્તનોને તેમણે કથામાં સ્થાન આપ્યું છે. દરેક પ્રકરણની જુદી રીતે શરૂઆત કરી વાચકને આકર્ષવાની આવડત અહીં દેખાઈ આવે છે. આમ, લોકચિત્તને ઓળખી શકનાર ઝવેરચંદ મેઘાણીની દરેક કથામાં તેમની આજુબાજુનો સમાજ અને સમાજમાં ઉદ્ભવિત પ્રશ્નો તથા માનવજીવનમાં ઉભરાતી લાગણીઓ અને તેના કારણે આકાર પામતી અનેક ઘટનાઓ જોવા મળે છે. સમાજ દ્વારા ઉભો થતો પરિવેશ, વાસ્તવિક જીવનમાં પ્રવર્તતા આદર્શ,

પ્રેમ, ઈર્ષ્યા, વેરઝેર, કાવાદાવા વગેરે જેવા તત્ત્વો સાથે પ્રસ્તુત થતી તેમની કથાઓ આત્મીયતાનો-સમસંવેદનનો અનુભવ કરાવે છે.

એ જ રીતે મનુભાઈ પંચોળી ‘દર્શક’કૃત ‘ઝેર તો પીધા છે જાણી જાણી’ અને ‘દીપનિર્વાણ’ પણ અત્યંત ચર્ચિત અને લોકપ્રિય નવલકથાઓ રહી છે. ‘ઝેર તો પીધા છે જાણી જાણી’ની કથામાં પ્રકૃતિના મનોહર વર્ણનો છે. વનસ્પતિસૃષ્ટિ અને તેની વિવિધતાનો પરિચય લેખકે કરાવ્યો છે. મોહનભાઈ પટેલ ધ્યાન દોરે છે તેમ લેખકે અશોક અને આસોપાલવને એક વૃક્ષ ગણાવ્યા છે. પરંતુ તે અલગ છે, પારિજાત અને બ્રુચના ફૂલોની સુગંધ એક સાથે ન આવી શકે કેમકે બંનેની ઋતુ અલગ છે. તેમજ કેટલીક છાપભૂલોને બાદ કરતાં સાહિત્યક્ષેત્રે ઉત્તમ ગુણોનું દર્શન તેમજ વૈવિધ્ય આલેખતી આ કૃતિમાં નવીનતાને આધારે પોતાનું સ્થાન ઊભું કરે છે. કાશીના અન્નક્ષેત્રમાંથી આવેલ ખોટી વિગતોવાળા પત્ર દ્વારા રોહિણીને જાણવા મળે છે કે ગંગામાં તણાતું મડદું સત્યકામનું છે. જેનાથી દરેકના જીવનવહેણ પલટાઈ જાય છે. સત્યકામનો આત્મહત્યા કરવાનો પ્રયાસ નિષ્ફળ જાય છે. અને તે વિદેશ સ્વીકારે છે. અલબત્ત રોહિણીને જણાવતો પણ નથી કે પોતે જીવે છે. આરંભમાં જ રોહિણીના અમદાવાદના બેરિસ્ટરને ત્યાં લગ્ન - આ પ્રણય વિરહ ‘સરસ્વતીચંદ્ર’ની યાદ અપાવે છે. હેમંતનું ધીંગાણામાં મોત - દામાકાકાની ભવિષ્યવાણીઓ, પ્રસન્નબાબુને આશરો આપવા જતા સત્યકામને થયેલ કેદને કારણે લગ્નતિથિએ સમયસર પાછુ ન આવી શકવુ, તાર કરવા માટે આવી પડતી મુસીબતો વગેરે જેવા આકસ્મિક અને રોચક વહેણ સાથે કથા ચાલે છે. આમ આકર્ષણ ઊભા કરે તેવો કથાગોંફ, ડગલે ને પગલે જિજ્ઞાસા વધારે તેવી વસ્તુગોઠવણી, ચમત્કૃતિભરી અને આકસ્મિક ઘટનાઓ, જીવંત પાત્રાલેખન, શિષ્ટતાભર્યા સંવાદો, ક્યારેક આંચકાભર્યા આવતા વળાંકો સાથે હોંશે હોંશે ભાવકને મુસાફરી કરવા તૈયાર કરે છે. ‘દીપનિર્વાણ’માં ઈસુના જન્મ પહેલા અને ભગવાન તથાગતના પરિનિર્વાણ પછીના પાંચમા શતકની વાત કરવામાં આવી છે. આ ઐતિહાસિક કથામાં સર્જકની કલ્પના, ઇતિહાસ અને સંસ્કૃતિનો સમાવેશ થયો છે. નંદીગ્રામ તથા મૈનેન્દ્રના પ્રસંગો તેમજ લવણદ્વિપની ઘટના વગેરે ઐતિહાસિક પ્રસંગો અને રોચક કથાની સાથે આનંદ-સુચરિતા, કૃષ્ણા-મૈનેન્દ્ર અને રોહિણી-ઈન્દુમિત્રના સ્નેહપ્રકરણો કથામાં રસપ્રદ રહ્યાં છે. સંઘર્ષો દર્શાવતી આ કથામાં આનંદ સુચરિતાનો મેળાપ અંતને સુખમય અને આનંદદાયક બનાવે છે.

આ પછી પન્નાલાલ પટેલની વાત કરીએ તો તેમની શરૂઆતની 'વળામણાં', 'મળેલા જીવ' અને 'પાછલે બારણે' જેવી લઘુનવલોએ ખૂબ ખ્યાતિ મેળવી છે. તો 'માનવીની ભવાઈ'માં છપ્પનીયા કાળનો સમયગાળો અને એ સમયની ઉદ્ભવિત પરિસ્થિતિનું વાસ્તવિક વર્ણન તેમજ કાળુ અને રાજુની પ્રણયકથા ધ્યાન ખેંચે તેવી અને દાદ માંગી લે તેવી છે. કાળુની પાત્રતા કેવી હશે ? એ જ્યોતિષે ભાખેલા ભવિષ્ય દ્વારા લેખક મૂકી આપે છે. અને આ પાત્ર દ્વારા ખેડૂતના શ્રમનો મહિમા સમજાવે છે. શરૂથી લઈને અંતે દુકાળના દિવસોમાં પણ ભીખ માંગવા તૈયાર ન થતા કાળુને લેખક ખરેખર નાયક તરીકે પ્રસ્થાપિત કરી શક્યા છે. કાળુ અને રાજુનું આછડતું મિલન અને કાળુની આંખે તેના પરત ફરતી વખતનો નજારો અત્યંત ક્રૂર, દયનીય અને ઘાતકી વર્ણવાયો છે. માનવી ઢોરોની હત્યા કરી તેને ખાઈ રહ્યો છે, કોઈ સ્ત્રી સસલું મારીને ખાઈ રહી છે. દુકાળે લૂંટફાટ મચાવી છે. ઘરેણાંને કારણે માલી ડોશીનું પણ કરુણ મોત નીપજે છે. અરેરાંટી ઉપજાવે તેવા આ પ્રકારના ઘાતકી દૃશ્યો પછી કથાના અંતમાં લેખકે શૃંગાર રસનું વર્ણન કરી ભાવકના મનને લોભાવવાનો પ્રયત્ન કર્યો છે. દુકાળની પરિસ્થિતિ કાળુ અને રાજુને નજીક લાવે છે. પરંતુ રાજુ જ્યારે કાળુની ચેતના જાગ્રત કરવા માટે તેને સ્તનપાન કરાવે છે ત્યારે બંનેની પ્રેમચેષ્ઠા લોભામણી અને રસપ્રદ બને છે. પરંતુ તરત જ વરસાદનું દૃશ્ય હોવાથી પુરવાર થાય છે કે આ પ્રયત્ન ભાવકના મનોરંજન માટે થયો છે. આ બાબતે રઘુવીર ચૌધરી નોંધે છે તેમ "કહી શકાય કે રાજુ-કાળુ વચ્ચેના સામાજિક, નૈતિક અંતરાયો એક ક્ષણ માટે અહીં દૂર થઈ જાય છે. અને તનમનની સગાઈ સૂચવાય છે."[૩] ઉપરાંત 'ભૂખથીય ભૂંડી ભીખ છે. ભૂખ તો હાડમાસ ગાળી નાખે છે પણ આ ભીખ તો આપણા ગુમાનને, આત્માને ઓગાળી નાખે છે. પાણી કરી દે છે!"[૪] આ પ્રકારના જીવનનો મર્મ બતાવતા ફિલસૂફ વાક્યો પણ જોવા મળે છે.

ગુણવંતરાય આચાર્ય ઐતિહાસિક, સાહસિક પ્રસંગો આલેખતી તેમજ જાસુસીકથાઓ પ્રસ્તુત કરે છે. તેમની દરિયાઈ સાહસની નવલશ્રેણી 'દરિયાલાલ', 'અક્કરબાર', 'હરારી', 'સરફરોશ' અને 'સરગોસ' પણ જે-તે સમયે ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. અક્ષરજ્ઞાન પામેલા વાચકવર્ગને ગુણવંતરાય સહેલા લાગતા હતા. મુનશી અને રમણલાલ જેવા લેખકો કરતા વધુ તેમના તરફના વળાંકનું કારણ અતિ સરળતાનો મત હતો. 'દરિયાલાલ' ફક્ત દરિયાઈ સાહસને વળગીને રહી હોય એમ નથી. અહીં દરિયાકાંઠાની વસાહત, જંગલોની સાથે ગુલામી નાબુદીનો મહત્ત્વનો ઉદ્દેશ પાર પડ્યો છે. ગેંડાનો હુમલો, ઓગણીસ ગુલામોની પિસાતી-ભિસાતી હાલત (કચ્ચરઘાણ), એક ગુલામનું નિયતિના જોરે બચવું, ત્યારપછીનું ગેંડાના અવાજમાં એનું ગાંડપણ અને ત્યારબાદ રામજીભાનુ હૃદય

પરિવર્તન, કથાને પકડી રાખવા માટેની ઘટનાઓ બને છે. મનોરંજક વાર્તા શોધતો વાચક કથારસ પામે છે. ૧૯૩૮ વખતનો સમય તે વખતની પરિસ્થિતિ અને નાવીન્ય ધરાવતો હેતુ વાચકો માટે ધ્યાનાકર્ષક બની રહે છે. 'દેવો ધાંધલ'માં 'દરિયાલાલ' કરતાં વધુ સાગર વર્ણન છે. એમ કહી શકાય અને તેમાં દેવો અને અન્ય પાત્રો દ્વારા થયેલ દરિયાઈ સાહસો કથામાં રોચકતા ઉભી કરે છે. તેમજ અજયપાળ અને સોનલની પ્રેમકથા પણ વાચકનું રસપૂર્વક ધ્યાન દોરે છે. પાત્ર નામક આ કથામાં દેવરાજ-ધાંધલ વહાણનો માલિક છે. જેનું ભૌગોલિક અને રાજકીય જ્ઞાન પણ રસાનુભાવ ઉત્પન્ન કરે છે. આ ઉપરાંત તેમની 'દેશ દીવાન', 'પુત્રજન્મ' અને 'હાજી કાસમ તારી વીજળી' જેવી નવલકથાઓ પણ લોકપ્રિય રહી ચૂકી છે.

ત્યારપછી ઈશ્વર પેટલીકરની નવલકથાઓમાં જોઈએ તો ગ્રામસમાજ, જીવન, સામાજિક વાસ્તવ, લાગણી, સંવેદના વગેરે જેવા પરિબળો જોવા મળ્યા છે. તેમની 'ભવસાગર' કથામાં ગ્રામસમાજ, જ્ઞાતિપ્રથા, જ્ઞાતિપ્રથાને બહાને થતા પ્રપંચો, વહેમ, કાવાદાવા (ષડયંત્ર), શંકા, લાલચ વગેરે જેવા તત્ત્વોના આલેખન સાથે બે સંતાનોની એક માતાની કથા પ્રસ્તુત થઈ છે. સંસારજીવનમાં આમ તો આ કથા અતિ સામાન્ય રહેલ છે. પરંતુ સૂરજ અને વિમુની કરુણ હાલત ભાવકને તેમની સાથે લાગણીના ભાવથી જોડી રાખે છે. પિતાની પસંદગીને માન આપી નગીન સાથે સૂરજ પરણે છે. પરંતુ દારૂ-જુગારની લતે ચડેલો નગીન બે સંતાનોની જવાબદારીથી છૂટીને આફ્રિકા ચાલ્યો જાય છે. છતાંય પતિ માટે હૃદયના કોઈક ખૂણામાં રહેલો સમભાવ અને તેના સુધારવાની આશા રાખતી સૂરજના જીવનમાં આવતી પરિસ્થિતિઓ વારંવાર તેને તોડી નાખે છે. અને કથામાં એક સહાનુભૂતિ ભાવ જોડતું આ પાત્ર આત્મહત્યા દ્વારા પોતાના જીવનનો અંત આણે છે. તેની સાથે પુત્રી વીમુ પણ અગ્નિસ્નાન કરી કથાનો કરુણાંત કરે છે. ત્યારે એક દુઃખદ ભાવ સાથે ભાવક કથાને વળગી રહે છે. આ ઉપરાંત કથામાં 'ભેંસના બાવલામાં માથું મારશો તો કો'ક દહાડોય દૂધ દેખશો; 'પાડો તો લાતો જ મારશે', 'તારા માટીએ મોટું ખર્ચ કર્યું એટલે મુતરના રેલામાં બધાને તાણી નાખવા માંગતી હોઈશ' - આ પ્રકારની ઘણી લોકોક્તિઓ તથા કહેવતોનો પણ પ્રયોગ થયો છે. જેના કારણે ભાવક લોકબોલી સાથે સર્વસામાન્ય જોડાણ અનુભવે છે. આમ, સહજ, સરળ અને હૃદયસ્પર્શી આ કથામાં મા-દીકરી ઘાસલેટ છાંટી રાતે બળી મર્યા છે. એવા અરેરાટી ભર્યા સમાચાર ગામમાં હાહાકાર મચાવે છે. તે જ રીતે ભાવકના મનને પણ હલાવી મૂકે છે. 'જનમટીપ' કથામાં બદલો લેવાની વૃત્તિ પાત્રને જનમટીપની સજા સુધી પહોંચાડે છે. ભીમાનું ઘર બાંધતી ચંદા પોતાનું પૂજા દ્વારા કરવામાં આવતું અપમાન સહન

કરી શકતી નથી. જેનો બદલો તેનો પતિ લે છે. લાગણી અને સમજ બંનેની વચ્ચેનો માર્ગ પસંદ કરતી આ કૃતિના પાત્રો સામાજિક સંતુલન સાથે આગળ વધે છે. તેમની વાસ્તવિકતા સાથેની સમજ અને સરળ પ્રવાહ તેમને રમણલાલ અને પન્નાલાલથી અલગ તારવે છે.

'મારી હૈયાસગડી'માં પણ 'ભવસાગર'ની જેમ નાયિકાનું જ પ્રભુત્વ રહ્યું છે. ગાંડો પતિ, સમાજ દ્વારા હડધૂત થતી ચિત્રલેખા, તેની જાતીય અતૃપ્તિની પીડા અને અંતે, તેના લગ્ન સુખાંત રચે છે. 'તરણા ઓથે ડુંગર'માં જે તે સમયના બાળલગ્ન અને કજોડાના પ્રશ્નો દર્શાવી લેખક કથાને જીવંત રાખી શક્યા છે. જેના કારણે જે-તે સમયનો ભાવક પણ તેમાં રસ ધરાવે છે. અંતે વિજ્યાની સાહિત્યિક સમજ અને જીવનની અનુભવિક સમજ કેશવને પ્રભાવિત કરે છે. અહીં લેખક ઓછું ભણેલા લોકો પણ તેજસ્વી હોઈ શકે - આ વાત પુરવાર કરે છે. 'ઋણાનુબંધ'માં તો સાહસિક કથા નજરે પડે છે. કૃતિકા લગ્ન પહેલા જ પર્જન્ય સાથેની ચાહતને શરૂ રાખવાની શરત મૂકે છે. એકસાથે સુબંધુ અને પર્જન્ય બંનેને પતિ માની ચાહનારી કૃતિકાની આ વાત રોચકતામાં વધારો કરે છે. આટલું ઓછું લાગતું હોય તેમ લેખક આ ત્રિકોણમાં ચોથું પાત્ર આશ્લેષાનું લઈને આવે છે. તેની પહેલા આ ત્રિકોણીયા સંબંધની અવગણના, ત્યારબાદ સુબંધુ માટે સહાનુભૂતિ અને પછી એ સહાનુભૂતિનું પ્રેમમાં પરિવર્તન તેને સુબંધુની રખાત બનવા સુધી તૈયાર કરે છે. તે સુબંધુ પ્રત્યે જાતીય આકર્ષણ પણ અનુભવે છે. પ્રેમના આ અવનવા અને રસપ્રદ રૂપને ટકાવી રાખી વાચકના મનોરંજનને જાળવી રાખવાના પુરેપુરા પ્રયત્ન કરે છે. પરંતુ અંતમાં તો લેખક પણ લગ્ન ઉપરોક્તના સંબંધને નિભાવવાની જાણે ના જ પાડે છે. અને છેવટે સમાજ સંમતિથી ચાલતી વ્યવસ્થાને આવકારી પર્જન્ય અને આશ્લેષાનો મેળાપ કરાવે છે. અને બાળકોના ચહેરા, આંખ સામે રાખી કૃતિકા પણ પોતાના વિચારોમાં પરિવર્તન લાવે છે. અને સુબંધુ સાથે તેનો લગ્નસંબંધ જોડાયેલો રહે છે. આમ, સમાજની સત્યતાને માન અપાતા કથા સાવ છીછરી બની રહેતી નથી. ફક્ત મનોરંજન માટે વાંચનાર અને સમાજની સભ્યતાને હરહંમેશ માન આપનાર બંને પ્રકારના વાચકોને આ કથા પ્રિય બને તેમ કહી શકાય. આમ, આ લેખકની વિષય વૈવિધ્યતા તેમની કથાઓ દ્વારા જોઈ શકાય છે. પાત્રોના મનની કે વ્યક્તિના મનની મૂંઝવણને અવાજ આપવાનું કામ પેટલીકર સાહેબે કર્યું છે. હળવા કટાક્ષોનો આધાર લઈ તેમને પોતાના વિચારો મુજબનું પણ આલેખન કર્યું છે. તથા વિસ્તારિત વર્ણનો વ્યક્ત કરવાનું ટાળ્યું છે. કુતુહલનાતાના તત્ત્વને પણ મોટેભાગે અવગણ્યું છે. અને છતાંય સ્વસ્થ-અસ્વસ્થ સમાજની

આજુબાજુ રહીને અલગ રીતે વાસ્તવિકતા પ્રગટ કરવાની તેમની રીત વાચકને કંટાળાજનક લાગતી નથી. અને ઘણી કથામાં ચિત્રલેખા, સૂરજ જેવા પાત્રોએ વધુ લોકપ્રિયતા વહોરી છે.

ચુનીલાલ મડીયાકૃત 'લીલુડી ધરતી'માં પણ ગ્રામસમાજ અને દાંપત્યજીવનની તાસીર પ્રગટ થઈ છે, તથા ગ્રામસમાજ સાથે જોડાયેલ લોકો લાગણીશીલ, માયાળુ, ભોળા કે હંમેશા અન્યની મદદ કરનારા જ હોય છે. આ પ્રકારની વિચારણા લેખક ખોટી પાડે છે. સંતુ કથાનું કેન્દ્ર બની રહે છે. તેની પવિત્રતાની કસોટી એક મુદ્દો બની જાય છે. તથા ગોબર અને સંતુના અનુવૈવાહિક સાહજિક સુખદુઃખભર્યાં દાંપત્યનું ચિત્રણ છે. તો જડી, નથુ સોની, ઝમકુ, ગિધો દ્વારા અન્ય પ્રકારના જાતીય સંબંધો અને આવેગોનું નિરૂપણ પણ થયું છે. કથામાં નિરૂપિત કરુણતા ભાવક સાથે જોડાણ કરે છે. અનેક પ્રકારના તાણાવાણા ગૂંથવામાં કથાનો અંત દેવશી અને ઉજમના મિલન પર આવીને અટકે છે. દેવશીનું આકસ્મિક આગમન કરાવી લેખક ભાવકને સુખાંત આપે છે. આમ, કથારસ જળવાઈ રહે તેવા લેખકના પુરા પ્રયત્ન અહીં જણાય છે. આ ઉપરાંત 'સધરા જેસંગનો સાળો' અને 'ગ્રહાષ્ટક વત્તા એક' તેમની દૈનિક પત્રમાં આવેલી ધારાવાહી નવલકથાઓ રહી છે. આ રીતે વત્તા-ઓછા અંશે ભાવકને પોતાની કથામાં જકડી રાખવાના પ્રયત્નો શરૂ થઈ ગયા હતા. કોઈ ભાવસભર બની ભાવકને ભાવુક બનાવી પોતાની પકડ મજબૂત કરે છે. તો કોઈ મનોરંજન ક્ષેત્રે ક્યારેક જાતીય ઉલ્લેખનોની રેખા પાર કરી ભાવકને આનંદ અપાવે છે. તેમજ બની બેઠેલા સમાજ, તેમના અત્યાચાર અને જે તે સમયના તત્કાલ મુદ્દાઓનો ઉપયોગ પણ જોવા મળ્યો છે.

આધુનિકયુગમાં પ્રવેશતા સુધીમાં તો સર્જક માણસના મનને પૂરી રીતે પારખી જાય છે. અને આધુનિક સર્જક માણસનું મન જે નથી કરી શકતું તે પારખીને પોતાની સર્જકતામાં ઉતારે છે. કળાના મૂલ્યો અને કહેવાતા સમાજે ઘડેલી મર્યાદાઓને પણ પાર કરી સર્જક કામ કરવા લાગે છે. ફ્રોઈડે કહ્યું છે કે "આપણી સાચી ઝંખનાઓ સંપ્રજ્ઞાતમાં-અભાનમાં છે."[૫] એટલે કે એવી ઝંખનાઓ જેનો વ્યક્તિને ખ્યાલ પણ ન હોય અને એવી ઈચ્છાઓ જેને પૂર્ણતાનું રૂપ આપવામાં માણસ સક્ષમ ન હોય. સર્જક પોતાને શું જોઈએ છે, એ ન જાણતા સમાજને સમજવાનો પ્રયત્ન કરે છે. અને મનુષ્યના આવા મન સાથે પોતાની સર્જકતાના બળે સીધુ જોડાણ સાધે છે. મનુષ્યનું મન દુઃખ, ઉત્સાહ, ઉદાસી, આનંદ જે કંઈ લાગણીના તત્ત્વોની અનુભૂતિ કરે છે, સર્જક તેને વાચા આપી સમૂહ સામે પ્રગટ કરે છે. આ પ્રકારની લાગણી કે સંવેદના અન્ય મનુષ્યની હોય કે કથાના પાત્રોની હોય તે જોઈને અન્ય

ઘણા લોકો તેની અનુભૂતિ કરે છે. અને ક્યારેક સમસંવેદન પણ અનુભવે છે. ત્યારે લેખકનો ઉદ્દેશ પૂરો થાય છે. ઘણીવાર તો કોઈ કથા તેમાં ઉલ્લેખિત સંવાદો ભાવકની વાચા બનીને પણ પ્રગટ થાય છે. જીવનના મુખ્ય પડાવો પર જાણે કથા રસ્તા ચીંધવાનું કામ કરી જાય છે. એનું ઉત્તમ ઉદાહરણ 'પ્રિયજન'ની ફળશ્રુતિમાં જોઈ શકાય છે. તેમાં ફક્ત નવલકથા ભેટ કરવાથી કશું જ બોલ્યા વગર કોઈ તેમના જીવનનો સૌથી મોટો વળાંક લઈ લે છે. આ સર્જકતાનો પ્રભાવ છે. આમ, આધુનિકયુગમાં મનુષ્યના જીવાતા સામાન્ય જીવન અને તેની સામે મનુષ્યની ભીતર જીવતું અસામાન્ય મનની પરિભાષા સ્પષ્ટ થઈ ત્યારે ખ્યાલ આવે છે કે અસામાન્ય મન ધરાવતા પાત્રો તો પહેલા રચાતા સર્જનમાં પણ નજરે પડ્યા જ છે. 'હેમ્લેટ', 'સરસ્વતીચંદ્ર' કે 'આકાર' કથાનો યશ શાહ આ દરેકના મનની અવઢવ પ્રક્રિયાઓ વાસ્તવિક જીવનના પાત્રોએ પણ અનુભવી જ હોય. ફરક એટલો જ છે કે કેટલાક વ્યક્તિઓ પોતાની અંદર જીવતા અસામાન્ય મનની ઈચ્છાપૂર્તિ કરે છે તો કેટલાક સાવચેતીને પ્રાધાન્ય આપી તેને દબાવી રાખે છે. અને આ જ પ્રકારની પરિસ્થિતિ ઘણીવાર સર્જકોની સર્જકતામાં પણ જોવા મળતી હોય છે.

આધુનિક યુગની વાત કરીએ તો શિવકુમાર જોશી અને ચન્દ્રકાંત બક્ષીથી માંડી હાલના લોકપ્રિય સર્જક ધૈવત ત્રિવેદી અને કાજલ ઓઝા વૈધની નવલકથાઓમાં કહેવાતા લોકપ્રિયતાના તત્ત્વો જોઈ શકાય છે.

શિવકુમાર જોશીની પ્રથમ નવલકથા 'કુંચુકી બંધ' (ઈ. ૧૯૫૬)માં ઉમા-મહેશનો તેમજ સુપ્રીતિ-પિનાકીનો પ્રણય આકર્ષણ ઊભુ કરે છે. વર્ષો પછી મળેલ ઉમા-મહેશ પોતાના જીવનમાં રહેલ અધરૂપો દૂર કરવા મથે છે. મહેશ અને ઉમાનું આલિંગન, ઉમાના સ્તન વિશે લોભામણું વર્ણન અને તેનાથી આકર્ષણ અનુભવતા મહેશનું આગળ વધવું, ત્યારપછી અચાનક જ ઉમાને પોતાનો નાનો પુત્ર યાદ આવતા એ આકર્ષિત દશ્યને ત્યાં જ પૂર્ણવિરામ મળી જાય છે. ઉમાનું ઇચ્છા વિરુદ્ધનું લગ્ન, તેના મહેશ સાથે બનતા સંબંધને એક બહાનું આપે છે. પરંતુ બંનેની શારીરિક સંવેદનાઓનું ખુલ્લું વર્ણન કરી લેખક ભાવકના મનને ગલગલીયા કરાવવાનું કામ કરે છે. તેમના લખાણમાં 'આધુનિક' બની છૂટછાટ લેવા બદલ તેમના પર થતા કટાક્ષની નોંધ પણ જોવા મળે છે. "એમની બીજી નવલકથા 'અનંદરાગ'ની નાયિકા અનુરાધા લેખક વતી જ બોલતી લાગે છે : ઝાલવા જાઉં છું સૌંદર્ય ત્યાં ઝલાય છે શરીર."[૬] 'આભ રુવે એની નવલખ ધારે'માં ગુજરાતી નાયક અશેષ અને બંગાળી નાયિકા કાજલ

જોવા મળે છે. અશેષની કાજલ ઉપરાંતની પ્રેમિકા ચાંદની સાથેના શારીરિક સંબંધોનું ખુલ્લું વર્ણન થયું છે. આ કથામાં કાજલનો ભાઈ કોણાર્ક જ્યારે અશેષને મૃત્યુની ભેટ આપવાનો પ્રયત્ન કરે છે ત્યારે કાજલ અશેષને બચાવતા પોતે જ એ ભેટનો સ્વીકાર કરે છે. આ પ્રકારનો ફિલ્મી સીન પણ અહીં ચિત્રિત છે. તથા ટાગોર અને ગાંધીજીની વિદાય સમયની ઘટનાઓનું આલેખન કરી સમકાલીન ઇતિહાસનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. આમ, ભાવકને ઘણા પ્રકારની મિશ્ર સ્થિતિ દ્વારા ખેંચવાના પ્રયત્નો આ કથામાં થયો છે.

મોહમ્મદ માંકડ અને ભગવતીકુમાર શર્માએ પણ લોકપ્રિયતામાં અગ્રતા પ્રાપ્ત કરી છે. મોહમ્મદ માંકડની વર્ણન કરવાની રીત કથાને સમજી શકાય તેવી રહી છે. તેમની 'કાયર', 'ધુમ્મસ', 'અજાણ્યા બે જણ', 'ખેલ', 'બંધનગર' વગેરે જેવી કથાઓ પ્રસ્તારિત અને પ્રચલિત બની છે. ભગવતીકુમાર શર્માકૃત 'પડછાયા સંગ પ્રાંત', 'રિક્તા', 'વ્યક્તમધ્ય', 'સમયદ્વીપ', 'ઊર્ધ્વમૂલ', 'અસૂર્યલોક' વગેરે જેવી નવલકથાઓ દ્વારા લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. પરંતુ વાચકના મનને વિક્ષિપ્ત કરી કથા સાથે જોડી રાખવાની પદ્ધતિને તેમણે અવગણી છે. વિચારોમાં નવીનતાને પ્રગટ કરવાની મથામણ પણ નજરે પડે છે. આમ, પોતાની આસપાસના સમાજને સમકાલીન પ્રેમ અને યૌનસંબંધના પ્રશ્નોને પોતાની સમજ સાથે આવરી લેવાના પ્રયત્નો આ બંને લેખકની કથાઓમાં જોવા મળ્યા છે. જેને કારણે તેમને પોતાનો એક ભાવકવર્ગ ઉભો કર્યો છે. અને તેમના મન સુધી તે પહોંચ્યા છે.

ચન્દ્રકાંત બક્ષી આધુનિક માનવજીવનને અનુરૂપ ઘટનાઓની પસંદગી કરે છે. તેમની વિષયવસ્તુની પસંદગીમાં આધુનિક અભિગમ નજરે પડે છે. 'પડઘા ડૂબી ગયા' નવલકથામાં અલકાના નપુસંક પુરુષ સાથે ભૂલમાં થઈ જતા લગ્ન અને અલકાના બાળપણના મિત્ર પ્રકાશ શાહના જીવનની એક સંઘર્ષકથા જોવા મળે છે. 'રોમા' કથામાં રોમા પોતાના સંતાનના સુખ માટે સર્વસુખનો ત્યાગ કરે છે. પ્રેમ અને દર્દ વેઠતી, સંઘર્ષમય જીવન જીવતી રોમાના માતૃત્વની કથા જોવા મળે છે. 'એકલતાના કિનારા'માં ભારતીય સંસ્કૃતિ ધરાવનારા સમાજમાં ચાલતા આવતા દાંપત્યજીવનનું ઉદાહરણ મળે છે. સમાજમાં મોટાભાગે પતિ-પત્ની વચ્ચે વિખવાદ અને ઝઘડા પછી સમાધાનભર્યું જીવન જીવતા પતિ-પત્નીનું જીવન કથાનાયક નીલ શાહ અને પત્ની નીરા પ્રસ્તુત કરે છે. 'આકાર'માં મૃત્યુ પામેલા પિતાની રખાતને શોધવા નાયક નીકળી પડે છે, તેના અવનવા અનુભવની અનોખી અને અલગ તરી આવતી કથા પ્રસ્તુત થઈ છે. 'એક અને એક'માં હાલ ચાલતા એક્સ્ટ્રા મેરીટલ અફેરનો ટ્રેન્ડ (વલણ)

આલેખિત છે. પરંતુ તેના કથાનાયકનું દાંપત્યજીવન ખંડિત થયેલું છે. 'પેરેલિસિસ'માં નાયક આરામ શાહના સુખમય રીતે ચાલતા જીવનમાં નિયતિનો પ્રકોપ જોવા મળે છે. પેરેલિસિસનો હુમલો, તેની અતીતકથા અને કરુણાવસ્થાનું નિરૂપણ થયું છે. 'જાતકકથા'માં એકનું એક જીવન જીવતા લોકોની કંટાળાજનક સ્થિતિનું વર્ણન થયું છે. જે કંટાળો આજકાલ દરેક વ્યક્તિ અનુભવે છે. રોજિંદા જીવનથી થોડા દૂર જઈને થોડા દિવસની ગૌતમ શાહની મુસાફરી અને એ દરમિયાન તેને થયેલા રોચક અનુભવો આલેખિત છે. આમ, દરેક કથા આધુનિક ઘટનાઓ અને આધુનિક જીવન જીવતા મનુષ્યના આંતરિક તથા બાહ્ય પ્રશ્નો ભાવકવર્ગને બહોળો બનાવે છે. ક્યાંક ભાવક પોતાના જીવનના અનુભવો અને પ્રશ્નો સાથે સમસંવેદન સાંધી શકે છે, તો ક્યાંક તેમના મૂંઝવણ ભરેલા મનને સમાધાનનું સ્તર પણ પ્રાપ્ત થાય છે.

ઉપરાંત, યુદ્ધ અને પ્રેમ તથા રહસ્યકથાઓ કે જાસુસકથાઓ લોકોને વધુ ગમતી હોય છે. ખાસ તો નવરાશની પળોમાં વાંચનાર વર્ગ સૌથી વધુ આ પ્રકારની કથા વાંચતો હોય છે. અંગ્રેજી ભાષામાં રહસ્યમય કે જાસૂસી નવલકથાઓમાં કલાત્મકતા વધુ જોવા મળે છે. પરંતુ ગુજરાતીમાં તેની પસંદગી કરવી પડે છે. ચન્દ્રકાંત બક્ષીએ પણ કલાત્મક અને પસંદગીને પાત્ર બને તેવી કેટલીક રહસ્યકથાઓ લખી છે. જેથી તેમના વાચકવર્ગમાં દરેક પ્રકારના વાચકોનો સમાવેશ થતો જાય છે. અને તેમના લખાણને લોકો વધાવે છે. 'હનીમૂન'માં મૃત્યુની ઘટનાનું રહસ્ય જોવા મળે છે. હિમાલયમાં કામરન નામના સ્થળે ફરવા ગયેલ કથાનાયક અને તેની પત્ની, થોડા સમયમાં મૃત્યુની બે ઘટના, આત્મહત્યા કે ખુનના પ્રશ્નો, આત્મહત્યા હોય તો તેની પાછળના કારણની તપાસ, અને ખૂન હોય તો કોણે અને કેમ કર્યું ? તેવા પ્રશ્નો ઊભા થાય છે. અને ભાવકના મનમાં ઊઠતા આ દરેક રહસ્યમય પ્રશ્નો અંત સુધી સચવાયા છે. અને કથાના અંત ભાગે જ તેનો સ્ફોટ થાય છે. જેથી ભાવક પર લેખકની પકડ અને અંતે રોચક સ્ફોટ દ્વારા ભાવકને મળતો રાજીપો જોઈ શકાય છે. 'આકાશે કહ્યુ'માં પણ દાંપત્યજીવનની સાથોસાથ ખૂન અને આત્મહત્યાની ઘટનાઓ રહસ્યાત્મક રીતે આલેખાઈ થાય છે. 'રીફ મરીના'માં પણ લોકપ્રિય અને રસપ્રદ તત્ત્વ ચોરીની કળા વર્ણવવામાં આવી છે. અમૂલ્ય ચિત્રોની ચોરી, તેની પાછળ કામ કરતી ગેંગ, અને એ ગેંગની થતી ધરપકડ વગેરે જેવા પ્રસંગો રહસ્ય અને રોમાન્સના તત્ત્વો દાખવે છે. 'દિશા તરંગ' કથામાં ખજાનાની શોધ જરા ફેન્ટસી સાથે સંકળાય છે અને રસપ્રદ બની રહે છે.

'હું કોનારક શાહ'માં સ્ત્રી-પુરુષના સંબંધ, કોનારક શાહના પિતાની રખાત દ્વારા થયેલ પુત્રીની શોધ, રિબેકા અને એન્ટનીના રહસ્યમય સંબંધો વગેરે રોચક ઘટનાઓ જોઈ શકાય છે. 'લીલી નસોમાં પાનખર'માં ગરીબ ઘરજમાઈની હાલત, તેનું આંતરિક તથા બાહ્ય શોષણ આલેખાયું છે. 'કોરસ'માં સ્ત્રી-પુરુષના વિજાતીય સંબંધ દર્શિત છે. 'ઝિન્દાની' કથામાં ખજાનાની શોધ, લૂંટ, વેરવૃત્તિ અને પ્રણયકથા લોકોનું મનોરંજન કરે તેવા તત્ત્વોનું નિરૂપણ થયું છે. 'સુરખાબ'માં તો મધ્યયુગ સમય દરમિયાનના ઘાતકી રિવાજો, ઠગપ્રથા, સતીપ્રથા, નરબલિ, બાળકોના શિશ્ન કાપવાની પ્રથા, ગુનેગારોને સળગાવી મૂકવા, હાથ-પગ કાપી નાખવા જેવી ભયંકર શિક્ષાઓ, રાજાઓના થતા અત્યાચારો વગેરે જેવી વર્તમાન પરિસ્થિતિઓને અનુરૂપ ઘણી ઘટનાઓ નિરૂપાઈ છે. આ રીતે ચન્દ્રકાંત બક્ષી સદીઓથી જીવાતી આવતી જીવન રીતો સામે ઘણીવાર વિરોધાભાસ મૂકે છે. રૂઢિગત જીવનમૂલ્યો ધર્મ-ઈશ્વરના નામે ઊભા થતા ખોટા લોકો અને તેમના વિચારો સામે સંઘર્ષમાં ઉતરે છે. આમ, વાચકો, વિવેચકો અને તેમના સર્જનપ્રેમીઓ માટે તે મહત્ત્વના પુરવાર થાય છે.

સુરેશ જોષીકૃત 'છિન્નપત્ર'માં પ્રણય, વિરહ, આત્મહત્યા, જાતીયતા આલેખિત છે. અને તેમની બીજી નવલકથા 'મરણોત્તર'માં પણ આત્મકથન, ઝંખના, સંવેદના જેવો તત્ત્વો જોવા મળે છે. સુરેશ જોષી પોતે સ્થાપેલા સિદ્ધાંતોનું સમર્થન કરે છે. ત્યારબાદ રઘુવીર ચૌધરી વિષયોની વિવિધતા સાથે નવલકથાક્ષેત્રે પ્રવેશ કરે છે. અને 'અમૃતા', 'ઉપરવાસ કથાત્રયી', 'ઈચ્છારામ' અને 'સોમતીર્થ' જેવી નવલકથાઓ ખૂબ પ્રચલિત બની છે. 'અમૃતા'માં નાયિકા અમૃતા, ઉદયન, અનિકેત એમ ત્રણ પાત્રો અને રચાતું પ્રણયત્રિકોણ મહત્ત્વનું રહ્યું છે પરંતુ આ પ્રણયત્રિકોણની કથા સામાન્ય બની રહેતી નથી. ઉદયનની અમૃતાને પામવાની ખેવના, અનિકેતને કારણે તેમાં પડેલો વિક્ષેપ, કેટલીક હતાશા, કેટલીક ઈર્ષ્યા, ક્યારેક વ્યાકુળતા અને થોડું ફિલ્મી વર્ણન કથાને રોચક બનાવે છે. પ્રેમ અને ઝંખના કે માત્ર શ્રદ્ધા વચ્ચેના ભેદ ઉદયના પાત્ર દ્વારા સ્પષ્ટ થાય છે. પોતાના વ્યક્તિત્વની પ્રથમ સ્થાપના કરતો ઉદયન કથામાં ઝળકી ઊઠે છે.

લોકપ્રિય સમાજકથા કે રહસ્યકથાઓ અથવા તો ફક્ત 'લોકપ્રિય' લેખક તરીકે પ્રચલિત થયેલા સર્જકોની વાત કરીએ તો શ્રી વિઠ્ઠલ પંડ્યા અને પ્રિયકાન્ત પરીખ ઘણી સમાજકથા અને રહસ્યકથાઓ રચે છે. જેમાં રહસ્યો દ્વારા કથા રોચક બને છે. અને જે-તે સમયના વાતાવરણ અને ઘટનાઓ વણી લેવામાં આવે છે. વિઠ્ઠલ પંડ્યાએ 'અંજળપાણી', 'લાંબી સફર ટૂંકી જિંદગી',

'ચિરપરિચિત', 'જંતરમંતર', 'મન, મોતી ને કાચ', 'સુખની સરહદ' વગેરે જેવી 47 નવલકથા આપી છે. જે જે-તે સમય દરમિયાન અત્યંત લોકપ્રિય બની હતી. પ્રિયકાન્ત પરીખે 'અર્થ', 'આંધી', 'નીલ ગગનના પ્યાસા પંખી', 'ખોજ', 'સમી સાંજે ઉગ્યો સૂરજ', 'હસ્તક્ષેપ', 'અંધાપો' વગેરે જેવી 28 જેટલી કથાઓનું સર્જન કર્યું છે. આટલી સંખ્યામાં સર્જન હોવા છતાંય કથાની સરળતા અને રોચકતા સમાજનું મનોરંજન કરાવે છે. અને તેઓ તેમની પકડ વાચકવર્ગ પર સ્થાયી કરી શક્યા છે.

ગુણવંત શાહ અને ભૂપત વડોદરિયા નિબંધકાર બની સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરે છે. ગુણવંત શાહે 'રજકણ સૂરજ થવાને શમણે' (ઈ. 1968), 'મોટેલ અને પવનનું ઘર' જેવી નવલકથાઓ લખી. જેમાં માનવ સંબંધો પ્રતિત થયા છે. ભૂપત વડોદરિયાની 'ખાલી ખિસ્સે મેળામાં' તો ખૂબ જ હાસ્યરસિક નવલકથા રહી છે. કશાંય અવરોધ વગર ચાલતો હાસ્યનો પ્રવાહ દાખવતી 'ભદ્રંભદ્ર' પછીની હાસ્ય રસિકતામાં તે પોતાનું ખેડાણ કરે છે.

આબિદ સુરતી પાસેથી સમાજકથા-રહસ્યકથા બેઉ પ્રકારની કથા મળે છે. 'વાસકસજ્જા'માં વેશ્યા જીવનનો તેમનો અભ્યાસ બરાબર પ્રગટ થયો છે. તેમના જીવનમાં રહેલા અભાવ અને યાતનાઓનું ભાવુક આલેખન છે. તેમની ધારાવાહિક નવલકથા 'ધુતારો' ખૂબ જ લોકચર્ચિતકથા બની હતી. ગૌતમ શર્મા 'પાણીનું પાર્સલ'નું સર્જન કરી પોતાની તરફ ધ્યાન ખેંચે છે. રહસ્યકથા અને પૌરાણિક કથા આપનાર આ લેખક 'મત્સ્યગંધા'માં ફેન્ટસી અને ચમત્કારોનું રસપ્રદ નિરૂપણ કરે છે. ભારે વરસાદ, મુનિનું બેભાન થવું, મત્સ્યગંધાની હૂંફથી શરીરમાં ગરમાવો થવો, સ્વસ્થતા અનુભવ્યા પછી મુનીનું પુત્રદાન, વરદાનથી મત્સ્યાની કાયાનું સુગંધિત બનવું, કાદવનું માટી અને કેસર-ચંદનમાં રૂપાંતરણ વગેરે ચમત્કારિક ઘટનાઓ મનોરંજન પૂરું પાડે છે.

અન્ય લોકપ્રિય નવલકથાકારોમાં ગુણવંત ભટ્ટ, હસમુખ રાવળ, કેશુભાઈ દેસાઈ, વિજયશંકર દવે, હરિલાલ ઉપાધ્યાય, પ્રહલાદ બ્રહ્મભટ્ટ તેમજ હાસ્યકાર રતિલાલ બોરીસાગર, અશોક દવે અને રાજેન્દ્ર જોશીની લઘુનવલો ઉલ્લેખિત રહે છે. પરંતુ કાળના પ્રવાહમાં આ નામ અત્યાર સુધી ટકી શક્યા નથી. જ્યારે હરકિશન મહેતા અને અશ્વિની ભટ્ટની લોકપ્રિય ગણાતી કૃતિઓ આજેય વંચાય છે. મહિલા નવલકથાકારો જોઈએ તો ધીરુબેન પટેલ, કુન્દનિકા કાપડિયા અને સરોજ પાઠકની કથાઓ નોંધનીય છે. ધીરુબહેનકૃત 'વાંસનો અંકુર', 'આંધળી ગલી', વર્ષા અડાલજાકૃત 'ગાંઠ છૂટ્યાની વેળા' અને 'બંદીવાન', ઈલા આરબ મહેતાકૃત 'પરપોટાની આંખ', 'બત્રીસ પુતળીની વેદના' અને

કુન્દનિકા કાપડિયાકૃત 'સાત પગલાં આકાશ'માં વગેરે જેવી નવલકથાઓ પ્રચલિત બની છે. તેમજ અન્ય કથાકારમાં સવિતા રાણપુરા, વસુબહેન, લિપિ કોઠારી, ભારતી દલાલ વગેરે સર્જકોએ પણ લઘુનવલ અને આત્મકથાત્મક નવલકથાઓ આપી પોતાની ઓળખ ઊભી કરી હતી.

લોકપ્રિય નવલકથાના સર્જનની આ યાત્રા હાલના ધૈવત ત્રિવેદી અને કાજલ ઓઝા વૈધ જેવા સર્જક સુધી આવી પહોંચી છે. જે ટેક્નીકલ યુગમાં પણ પોતાની પકડ જમાવી શક્યા છે. સોશ્યલ મીડિયા એટલે કે સમૂહમાધ્યમોનો ભરપૂર ઉપયોગ આ સર્જક કરી રહ્યાં છે. જેના દ્વારા તે પોતાની કથા તેમજ પોતાના વ્યક્તિગત વિચારોને પણ ભાવક સુધી વહેંચી શક્યા છે. ધૈવત ત્રિવેદીકૃત '64 સમરહિલ'ની પ્રેરણા પાછળ માત્ર એક ચોર છે. પરંતુ તેમાં લેખકની કલ્પનાઓ અદ્‌ભુત કામ કરે છે. અને ભારતીય સંસ્કૃતિ તેમજ તેના જ્ઞાનવારસાની જાળવણી માટે પણ જાણે આંગળી ચીંધે છે. 'લાઈટહાઉસ'માં પણ એક્શન, રહસ્ય, ખૂન, ચોરી જેવા તત્ત્વો જોવા મળે છે. જેનાથી તેમની કથાઓમાં રોચકતા વધે છે. કાજલ ઓઝા વૈધની 'મધ્યબિંદુ', 'દરિયો એક તરસનો', 'કૃષ્ણાયન' વગેરે જેવી નવલકથાઓ રહી છે. જેમાં 'કૃષ્ણાયન' સૌથી વધુ લોકપ્રિય કથા રહી છે. અત્યારના લોકોને શું જોઈએ છે ? એમને જીવનમાં શું નથી મળ્યું ? કેવા પ્રશ્નોમાં લોકો અટવાઈ રહ્યાં છે ? આ દરેકને પારખી શકનાર આ લેખિકા મનુષ્યની લાગણીની નાડી ઓળખી શક્યા છે. જેથી પોતાની કથાઓમાં એ રીતે વિષયવસ્તુની સામગ્રી પીરસી શકે છે.

આમ, ફક્ત નવલકથા યુગની શરૂઆત, ત્યારબાદ કલાસિદ્ધિના ધોરણો સર કરતી નવલકથાઓ, ત્યારબાદ ફક્ત લોકોને મનપસંદ વાનગી પીરસતી નવલકથાઓ અને લોકપ્રિય તથા કલાયુક્ત બંને પ્રકારના ગુણ ધરાવતી કથાઓ નવલકથાક્ષેત્રે સ્થાપિત થઈ. અને હંમેશા સારું હોય તે લાંબો સમય ટક્યું છે, અને ફક્ત ગિફ્ટ રેપર લગાવેલ, ચમકવાળું કાળને ગ્રસ્ત થયું છે. આમ, નવલકથાક્ષેત્રે પણ આ જ નિયમ લાગુ પડ્યો છે. તેથી એક સારો ભાવક અને એક સાચો વિવેચક સાહિત્યક્ષેત્રે દીર્ઘાયુષ્ય ધરાવતી કથાઓને કાયમ માટે સ્થાન આપે છે. તેમાં ઘણી બધી લોકપ્રિય નવલકથાઓને પણ સ્થાન મળ્યું છે.

## પાદટીપ :

૧. 'ગુજરાતી નવલકથા', રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા, ત્રી. આ. ૧૯૯૧, પૃ. ૭૧

૨. 'સાહિત્ય અને લોકપ્રિયતા', તન્વી શુક્લ, નરેશ શુક્લ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૨૫

3. 'ગુજરાતી નવલકથા', રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા, ત્રી. આ. ૧૯૯૧, પૃ. ૧૭૭

૪. 'માનવીની ભવાઈ', પન્નાલાલ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્ર. આ. ૧૯૪૭, પૃ. ૩૮૩

૫. 'વિવેચનની ક્ષણો', હરીન્દ્ર દવે, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ